મકાનોના બાંધકામ હેઠળના ચાલુ કામો, માંગણી નં.૮૫, મુખ્ય સદર:૪૨૧૬-આવાસન અંગે મૂડી-ખર્ચ જોગવાઇ હેઠળના પેટા સદર:(૨૪) એફ.એસ.એચ.૧૨ મત્સ્યોધોગ અધિક્ષક કચેરી માંગરોળ રીનોવેશન દરખાસ્તને સને ૨૦૧૮-૧૯ના વર્ષ માટે નવી બાબતની વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક:- એફડીવી/૧૩૨૦૧૮/૨૪/ટ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૬/૦૪/૨૦૧૮

વંચાણે લીધા:-

(૧) મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:- ગુમ/ટ-૧/FSH-12/૨૦૧૭-૧૮/૭૬૦, તા.૦૬/૦૧/૨૦૧૮

(૨) મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:- ગુમ/ટ-૧/FSH-12/૨૦૧૭-૧૮/૯૯૧, તા.૦૬/૦૩/૨૦૧૮

ઠરાવ:-

૧. વંચાણે લીધેલ ક્રમ- (૧) સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીના પત્રથી મત્સ્યોદ્યોગ મકાનોના બાંધકામ હેઠળના ચાલુ કામો, માંગણી નં.૮૫, મુખ્ય સદર:૪૨૧૬-આવાસન અંગે મૂડી-ખર્ચ જોગવાઇ હેઠળના પેટા સદર:(૨૪) એફ.એસ.એચ.૧૨ કૃષિ વિભાગ માટે મત્સ્યોધોગ અધિક્ષક કચેરી માંગરોળ રીનોવેશન બાંધકામ માટે રૂ.૭૫,૫૮,૦૦૦/- જોગવાઇ માટે સને ૨૦૧૮-૧૯ના વર્ષ માટે નવી બાબતની મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી.

૨. વંચાણે લીધેલ ક્રમ- (૨) સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીના પત્રથી માંગરોળ ખાતે મત્સ્યોધોગ અધિક્ષક કચેરીના મકાનના રીનોવેશન અને રીપેરીંગ માટે નવી સેવાની યોજનાને વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત રજુ કરેલ છે. માંગરોળ ખાતે મત્સ્યોધોગ અધિક્ષક કચેરીનું મકાન વર્ષ ૧૯૮૨-૮૩મા બનેલ છે. આં મકાન સમુદ્ર કિનારે આવેલ હોવાથી ખારાશના કારણે જર્જરિત થઇ ગયેલ છે. કચેરીની છત, દીવાલ અને બીમ્માંથી પોપડા ખરે છે. તથા પાણી ટપકે છે. જેથી ઇલેક્ટ્રિક ઉપકરણો ખરાબ થઇ ગયેલ છે.કચેરીમાં અરજદારોની સતત અવર જવર રહે છે. કચેરીના કર્મચારીઓ અને અરજદારો ઉપર અકસ્માતનું જોખમ રહેલ છે. જે ધ્યાને લઇ કચેરીનું રીનોવેશન તાત્કાલિક કરાવવું જરૂરી.છે. માંગરોળ ખાતે મત્સ્યોધોગ અધિક્ષક કચેરીના મકાનના રીનોવેશન અને રીપેરીંગ માટે નાયબ કાર્યપાલક ઈજનેર, કેશોદ દ્વારા રૂ.૭૫,૫૮ લાખના નકશા અંદાજો રજૂ કરેલ છે.

પુખ્ત વિચારણાના અંતે વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં વાર્ષિક વિકાસ કાર્યક્રમમાં સમાવિષ્ટ કરવા માટેના બાંધકામ હેઠળના ચાલુ કામો, માંગણી નં.૮૫, મુખ્ય સદર:૪૨૧૬-આવાસન અંગે મૂડી-ખર્ચ જોગવાઇ હેઠળના પેટા સદર:(૨૪) એફ.એસ.એચ.૧૨ કૃષિ વિભાગ માટે માંગરોળ ખાતે મત્સ્યોદ્યોગ અધિક્ષક કચેરીના મકાનના રીનોવેશન અને રીપેરીંગ માટે રૂ.૭૫.૫૮ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રેહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૮) બાંધકામ કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૯) સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની આપવાના રહેશે

(૧૦) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

(૧૧) વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની, સી.આર.ઝેડની કે અન્ય સત્તામંડળની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવી જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

(૧૨) આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

આ યોજનાનું બજેટ સદર નીચે પ્રમાણે રહેશે.

માંગણીનં :૮૫

મુખ્યસદર :૪૨૧૬-આવાસન અંગે મૂડી-ખર્ચ જોગવાઇ

ગૌણસદર :૭૦૦-અન્ય આવાસન

પેટાસદર :૨૪:કૃષિ વિભાગ માટે મત્સ્યઉધોગ મકાનોનું બાંધકામ

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રી (ખર્ચ ) ની તા. ૧૦/૦૪/૨૦૧૮ની નોંધ થી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.એ.દેશમુખ)
સેક્શન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી, (મત્સ્યોધોગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૨) માન.રા.ક.મંત્રીશ્રી (મત્સ્યોધોગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
(૩) સચિવશ્રી, (મત્સ્યોધોગ) ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર
(૪) મત્સ્યોધોગ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
(૫) સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૬) નાયબ મત્સ્યોધોગ નિયામકશ્રી, અમદાવાદ / વડોદરા / સુરત / રાજકોટ / વેરાવળ
(૭) નાણાં સલાહકારશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૮) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, કેશોદ.
(૯) મહાલેખાકારશ્રી,ગુજરાત રાજ્ય, રાજકોટ
(૧૦) ઉપ મહાલેખાકારશ્રી(ઇએસ-૧) એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ(ઇ એન્ડ એસ ઓડીટ) ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ, ગુજરાત
(૧૧) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
(૧૨) નિવાસી તપાસણી અધિકારીશ્રી,ગાંધીનગર
(૧૩) સેકશન અધિકારીશ્રી, આયોજન શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૪) સેકશન અધિકારીશ્રી, આઇ.ટી. શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૫) સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૬) સીલેકટ ફાઇલ.